આરબીઆઈ/2005-06/399
આર પી સી ડી. ડબલયૂ. આર એફ. બી સી. નં.87/07.38.01/ 2005-06

6 જૂન, 2006

પ્રતિ,
તમામ રાજ્ય તથા જિલ્લા સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેન્ક્સ

સાહેબશ્રી

***અમુક મંડળો/ સંસ્થાઓના નામે બચતખાતુ ખોલવા બાબત.***

કૃપા કરી અમારા તા. ઓક્ટોબર 17, 2000ના પરિપત્ર ક્રમાંક આર પી સી ડી નં. આર એફ. ડી આઈ આર. બી સી. 30/07.38.01/2000-01ને ધ્યાનમાં લેશો. આ પરિપત્ર હેઠળ સરકારી વિભાગો/ સંસ્થાનો/ એજન્સીઓને બચત ખાતુ ખોલવાની મંજૂરી આપવામાં આવી છે. તેનો કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ વિવિધ સ્કીમો હેઠળ ફાળવવામાં મંજૂર કરવામાં આવેલ વિવિધ સ્કીમો હેઠળ ફાળવવામાં આવેલ નાણાં માટે ખોલાવી શકે છે.

2. હવેથી, ઉપરોક્ત મુજબ રાજ્ય સરકાર શ્રી દ્વારા મંજૂર કરવામાં આવેલ સ્કીમો માટે પણ સરકારી વિભાગો બચત ખાતું ખોલાવી શકસે. આ માટે આવા વિભાગોએ યોગ્ય દસ્તાવેજી પુરાવા આપવાના રહેશે. તમામ બેંકોએ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતા મંજૂરી પત્રની નકલનો રેકોર્ડ રાખવાનો રહેશે. આ સાથે અમારા તા. ઓક્ટોબર 17, 2000નાં ડાયરેક્ટીવ આર પી સી ડી નં. ડી આઈ આર. બી.સી. 29/07.38.01/ 2000-01 ની ધારા 5 (ii) (જી)માં સૂચિત ફેરફારો કરવામાં આવે છે.

3. તા. 6 જૂન, 2006ના રોજ નવો સુધારેલો ડાયરેક્ટિવ ક્રમાંક : આર પી સી ડી. આર એફ. ડી આઈ આર. 5516/07.38.01/2005-06 આ સાથે બિડેલ છે.

4. કૃપયા આપના ક્ષેત્રમાં આવતા અમારા ક્ષેત્રિય કાર્યાલયમાં આ પત્ર મળ્યાની જાણ કરશો.

આપનો વિશ્વાસુ,

જી. શ્રીનિવાસન
મુખ્ય મહાપ્રબંધક

આર પી સી ડી.આર એફ. ડી આઈ આર.5516/07.38.01/2005-06

6 જૂન, 2006

***અમુક મંડળો/ સંસ્થાઓના નામે બચતખાતુ ખોલાવવા બાબત.***

બેન્કિંગ રેગ્યુલેશન કાયદો - 1999 (કો.ઓપ. સોસાયટીઓને લાગુ)ની કલમ 21 તથા 35એમાં અપાયેલ અધિકારો મુજબ તથા તા. ઓક્ટોબર 17, 2000ના ડાયરેક્ટિવ ક્રમાંક આર એફ. ડી આઈ આર. બી સી. 29/07.38.01/ 2000-01 મુજબ, આરબીઆઈ 2000ને જાહેર હિતમાં યોગ્ય જણાતા ઉપરોક્ત ડાયરેક્ટિવના ફકરા 5ની ધારા (ii) (g) પ્રમાણે આ ડાયરેક્ટિવમાં ત્વરિત, નીચે મુજબ ફેરફાર કરવામાં આવે છે.

`કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા સંચાલિત કાર્યક્રમો/ સ્કીમો હેઠળ તથા તેને લાગુ કરવા માટેના નાણાં ભંડોળ માટે, રાજ્ય/ કેન્દ્ર સરકારમાંથી મેળવેલ માન્યતા પત્ર રજૂ કરવાથી, સરકારી વિભાગો/ મંડળો/ એજન્સીઝ બચત ખાતુ ખોલાવી શકશે.'

2 નવેમ્બર, 1987ના રોજનાં જાહેરનામા ક્રમાંક આર પી સી ડી. નં. આર એફ. ડી આઈ આર. બી સી. 53/ ડી.1-87/ 88ની અન્ય તમામ શરતો/ પ્રોવિઝન્સ યથાવત રહેશે.

(વી.એસ. દાસ)
એક્ઝિક્યૂટિવ ડિરેક્ટર